| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Mumbai |
| DATE : | 08/12/23 |
| PAGE : | 2 |


# 3000 જેટલાં દિવ્યાંગોને આજીવિકા આપી સશક્ત કરવા માટે કોર્પોરેટ સાથે ભાગીદારી

- દિવ્યાંગો માટે ખાતરીપૂર્વકની આજીવિકાને ટેકો આપવા માટે પહેલ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝના સહયોગથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ 'સીએસઆર કામગીરી હેઠળ દિવ્યાંગો માટે ખાતરીપૂર્વકની આજીવિકાને ટેકો આપવા, સક્રિય કરવા અને ઊભી કરવા (સબળ)' કોર્પોરેટ માટે એક રાઉન્ડ ટેબલ મીટનું આયોજન કર્યું હતું.ભારત સરકારના દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના નેશનલ હેન્ડિકેપ્ડ ફાઈનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જનરલ મેનેજર ડો. વિનીત રાણા, એસબીઆઈ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ શ્રી જગન્નાથ સાહૂ, મહારાષ્ટ્ર સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, મુંબઈના મેનેજિંગ ડિરેક્ટર આઈએએસ શ્રી રાજેન્દ્ર નિમ્બાલકર, આઈડીબીઆઈ બેંકના સીજીએમ શ્રી સૌમ્યા ચૌધરી, ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ (કોર્પોરેટ)ના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલ તેમજ દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના

## એકીકરણ માટે જાગૃતિ અભિયાન

ચર્ચાઓ અને નિર્ણયોના આધારે, સહભાગી કોર્પોરેટોએ સહકારના કેટલાક પ્રાથમિક ક્ષેત્રોની ઓળખ કરી હતી. 3000 દિવ્યાંગોની આગેવાની હેઠળના સાહસો બનાવવાના ધ્યેયને હાંસલ કરવા માટે ઓળખવામાં આવેલી કેટલીક પ્રવૃત્તિઓ આ મુજબ હતીઃ દિવ્યાંગોના સમુદાય એકીકરણને સુનિશ્ચિત કરવા માટે જાગૃતિ અભિયાન, દિવ્યાંગ કિશોરો માટે ઈમર્સિવ લાઈફ સ્કીલ્સ, દિવ્યાંગો માટે વ્યવસાયની તકો મેળવવી, દિવ્યાંગો માટે સંવેદના વર્કશોપ, ક્રેડિટ લિંકેજ સપોર્ટ, બેરોજગાર દિવ્યાંગોને તેમનો વ્યવસાય સ્થાપવા સક્ષમ બનાવવા માટે દિવ્યાંગ-સંચાલિત સાહસોને ટેકો આપવા આંત્રપ્રિન્યોર ગ્રોથ-કમ કાઉન્સેલિંગ પ્રોગ્રામ (ઈજીસીપી) અને માઈક્રો સ્કીલપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમએસડીપી).

વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી કોર્પોરેટ સંસ્થાઓના સીએસઆર લીડર્સે આ અભૂતપૂર્વ મીટમાં હાજરી આપી હતી. આ 'મીટ'માં મોટા પાયે સમાજને સંવેદનશીલ બનાવવા અને હસ્તક્ષેપો કરવા તથા પગલાં લેવાનો એજન્ડા હાથ ધરવામાં આવ્યો હતો જે 1,500 ટેકનોલોજી-સંચાલિત અને 1,500 સામાન્ય સાહસો સહિત દિવ્યાંગો માટે 3,000 નવા સાહસોની સ્થાપનાને સુનિશ્ચિત કરે છે.